**અગ્રતા ક્રમ–**

**૨૪**

સામાજિક ન્યાય અને અધિકારીકતા વિભાગ
તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૯૦૮

**વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની**
**તારીખ: ૧૩/૦૨/૨૦૨૪**

**પંદરમી ગુજરાત વિધાનસભા ચોથુ સત્ર**

**પ્રશ્ન : અમદાવાદ જિલ્લામાં વિકસતી જાતિના વિદ્યાર્થીઓને ગણવેશ સહાય**

પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ અને તેનો મત વિસ્તાર :–

**શ્રી કનુભાઇ કરમશીભાઇ પટેલ (સાણંદ)**

## અનુક્રમણિકા


| ક્રમ | પ્રશ્નનો વિષય | પાના નંબર |
|---|---|---|
| **૧** | **પ્રશ્ન** | ૩ |
| **૨** | **પ્રશ્નનો જવાબ** | ૪ |
| **૩.૧** | **પૂરક પ્રશ્ન–૧**<br>તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૨૩–૨૪ અંતર્ગત અમદાવાદ જિલ્લામાં ગણવેશ સહાય યોજના હેઠળ તાલુકાવાર પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિકસતી જાતિના કેટલા વિદ્યાર્થીઓની અરજી મળી, તે પૈકી કેટલી મંજૂર કરી અને તાલુકાવાર કેટલી ગણવેશ સહાય ચૂકવવામાં આવી ? | ૫ |
| **૩.૨** | **પૂરક પ્રશ્ન–૨**<br>ગણવેશ સહાય યોજના હેઠળ હાલમાં ક્યાં ક્યાં પાત્રતાના માપદંડો ધ્યાને લેવામાં આવે છે ? | ૬ |
| **૩.૩** | **પૂરક પ્રશ્ન–૩**<br>હાલમાં ગણવેશ સહાય હેઠળ વિદ્યાર્થીઓને કેટલી રકમ ચૂકવવામાં આવે છે ? છેલ્લે ક્યારે આ સહાયમાં વધારો કરવામા આવ્યો ? | ૭ |
| **૩.૪** | **પૂરક પ્રશ્ન–૪**<br>ગણવેશ સહાય યોજના હેઠળ અરજી કરવામાં વિદ્યાર્થીઓના સરળતા માટે સરકારશ્રી દ્વારા શું પગલાં લેવામાં આવ્યા ? | ૮ |
| | | |
| **૪.૧** | **પૂરક માહિતી**<br>ગણવેશ સહાય યોજનાના હેતુ અને પાત્રતાના માપદંડો | ૯ |
| **૪.૨** | **પૂરક માહિતી**<br>ગણવેશ સહાય યોજનાની કાર્ય પદ્ધતી | ૧૦ |
| **૪.૩** | **પૂરક માહિતી**<br>ગણવેશ સહાય યોજનામાં વખતો–વખત થયેલ સુધારાઓ | ૧૧ |
| **૪.૪** | **પૂરક નોંધ**<br>ગણવેશ સહાય યોજના અંતર્ગત છેલ્લા ૫ વર્ષની માહિતી | ૧૩ |
| **૪.૫** | **ઠરાવો**<br>ગણવેશ સહાય યોજનામાં વખતો–વખત થયેલ ઠરાવોની યાદી | ૧૫ |

તારાંકિત પ્રશ્ન                                                                                   ક્રમાંક: પ્ર/

# ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/908

વિષય:

અમદાવાદ જિલ્લામાં વિકસતી જાતિના વિદ્યાર્થીઓને ગણવેશ સહાય

| સૂચના મળ્યાની તારીખ: | વિભાગે ઑનલાઇન જવાબ મોકલાવવાની છેલ્લી | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
|---|---|---|
| 11/01/2024 | તારીખ 07/02/2024 | 22/01/2024 |

*15/4/908 શ્રી કનુભાઇ કરમશીભાઇ પટેલ(સાણંદ)

સામાજિક ન્યાય અને અધિકારિતા જણાવવા કૃપા કરશે કે:-

માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં અમદાવાદ જિલ્લામાં ધો. ૧ થી ૮માં ગણવેશ સહાય યોજના હેઠળ વિકસતી જાતિના વિદ્યાર્થીઓની કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) તે પેટે કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી?

----

# 24

**અમદાવાદ જિલ્લામાં વિકસતી જાતિના વિદ્યાર્થીઓને ગણવેશ સહાય**

* 15/4/908 **શ્રી કનુભાઇ કરમશીભાઇ પટેલ** (સાણંદ): **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪માં અમદાવાદ જિલ્લામાં ધો. ૧ થી ૮માં ગણવેશ સહાય યોજના હેઠળ વિકસતી જાતિના વિદ્યાર્થીઓની કેટલી અરજીઓ મળી, | (૧) | ૨,૧૨,૦૨૭ |
| (૨) | તે પૈકી કેટલા વિદ્યાર્થીઓની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) | ૨,૧૨,૦૨૭ |
| (૩) | તે પેટે કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી? | (૩) | રૂ. ૧૯૦૪.૪૪ લાખ |

--------------

**અગ્રતા ક્રમ - ૨૪ પૂરક પ્રશ્ન-૧**

**પુછનાર ધારાસભ્યશ્રી :**

**પૂરક પ્રશ્ન – ૧ તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૨૩–૨૪ અંતર્ગત અમદાવાદ જિલ્લામાં ગણવેશ સહાય યોજના હેઠળ તાલુકાવાર પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિકસતી જાતિના કેટલા વિદ્યાર્થીઓની અરજી મળી, તે પૈકી કેટલી મંજૂર કરી અને તાલુકાવાર કેટલી ગણવેશ સહાય ચૂકવવામાં આવી ?**

**જવાબ : માન.અધ્યક્ષશ્રી,**

તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૨૩–૨૪ અંતર્ગત અમદાવાદ જિલ્લામાં ગણવેશ સહાય યોજના હેઠળ વિક્સતી જાતિના વિદ્યાર્થીઓની તાલુકાવાર મળેલ અરજીઓ, મંજૂર અરજીઓ, ચૂકવાયેલ ગણવેશ સહાયની વિગતો આ મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | મંજૂર કરેલ તથા ચુકવાયેલ અરજીઓ | ચુકવેલ ગણવેશની રકમ રૂપિયા (લાખમાં) |
|---|---|---|---|---|
| ૧ | બાવળા | ૧૦૪૦૨ | ૧૦૪૦૨ | ૯૩.૬૨ |
| ૨ | દસ્ક્રોઇ | ૨૭૧૯૪ | ૨૭૧૯૪ | ૨૪૪.૭૪ |
| ૩ | દેત્રોજ | ૫૫૭૧ | ૫૫૭૧ | ૫૧.૯૭ |
| ૪ | ધંધુકા | ૫૬૭૮ | ૫૬૭૮ | ૫૧.૧૦ |
| ૫ | ધોળકા | ૧૨૪૦૧ | ૧૨૪૦૧ | ૧૧૧.૬૦ |
| ૬ | માંડલ | ૪૮૧૬ | ૪૮૧૬ | ૪૩.૩૪ |
| ૭ | સાણંદ | ૧૨૬૩૭ | ૧૨૬૩૭ | ૧૧૩.૭૩ |
| ૮ | વિરમગામ | ૭૯૪૬ | ૭૯૪૬ | ૭૧.૫૧ |
| ૯ | ધોલેરા | ૪૨૬૧ | ૪૨૬૧ | ૩૮.૩૪ |
| ૧૦ | અસારવા | ૨૨૪૯૧ | ૨૨૪૯૧ | ૨૦૨.૪૨ |
| ૧૧ | ઘાટલોડિયા | ૨૧૬૦૬ | ૨૧૬૦૬ | ૧૯૪.૧૨ |
| ૧૨ | મણિનગર | ૨૩૩૩૫ | ૨૩૩૩૫ | ૨૦૯.૮૨ |
| ૧૩ | સાબરમતી | ૧૬૪૯૯ | ૧૬૪૯૯ | ૧૪૮.૫૨ |
| ૧૪ | વટવા | ૧૭૫૪૯ | ૧૭૫૪૯ | ૧૫૫.૯૫ |
| ૧૫ | વેજલપુર | ૧૯૬૪૧ | ૧૯૬૪૧ | ૧૭૩.૬૬ |
| **કુલ** | | **૨૧૨૦૨૭** | **૨૧૨૦૨૭** | **૧૯૦૪.૪૪** |
| | | **બે લાખ બાર હજાર સત્યાવીસ વિદ્યાર્થીઓની અરજી મળી** | **બે લાખ બાર હજાર સત્યાવીસ વિદ્યાર્થીઓની અરજી મંજુર કરી** | **રૂપિયા ઓગણીસ કરોડ ચાર લાખ ચુમ્માલીસ હજારની ગણવેશ સહાયની ચુકવણી કરી** |

**અગ્રતા ક્રમ – ૨૪ પૂરક પ્રશ્ન–૨**

**પુછનાર ધારાસભ્યશ્રી :**

**<u>પૂરક પ્રશ્ન –૨</u> :– ગણવેશ સહાય યોજના હેઠળ હાલમાં ક્યાં–ક્યાં પાત્રતાના માપદંડો ધ્યાને લેવામાં આવે છે ?**

**જવાબ : માન.અધ્યક્ષશ્રી,**

**<u>પાત્રતાના માપદંડો :–</u>**

- વિદ્યાર્થીઓ વિકસતી જાતિના એટલે કે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગ, લઘુમતી અને વિચરતી અને વિમુકત જાતિના હોવા જોઇએ.
- વિદ્યાર્થીઓ ધોરણ–૧ થી ૮ માં અભ્યાસ કરતાં હોવા જોઇએ.
- વાર્ષિક આવક મર્યાદા નથી.
- સરકારી અને ગ્રાન્ટ-ઇન-એઇડ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં હોવા જોઇએ.
- વિદ્યાર્થીઓ છેલ્લી વાર્ષિક પરીક્ષામાં પાસ હોવા જોઇએ.

| **અગ્રતા ક્રમ - ૨૪ પૂરક પ્રશ્ન–૩** |
| --- |
| **પુછનાર ધારાસભ્યશ્રી :** |
| **પૂરક પ્રશ્ન –૩** **હાલમાં ગણવેશ સહાય હેઠળ વિદ્યાર્થીઓને કેટલી રકમ ચૂકવવામાં આવે છે ? છેલ્લે ક્યારે આ સહાયમાં વધારો કરવામા આવ્યો ?** |

**જવાબ :–**

**માન.અધ્યક્ષશ્રી,**

- સરકારી અને અનુદાનિત પ્રાથમિક શાળાના ધોરણ–૧ થી ૮માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને ત્રણ જોડ ગણવેશ માટે વાર્ષિક રૂા.૯૦૦/– ગણવેશ સહાય ચુકવવામાં આવે છે.

- સરકારશ્રીના તા.૦૬/૦૪/૨૦૨૨ના ઠરાવથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગ, લઘુમતી અને વિચરતી–વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓને ત્રણ જોડ ગણવેશ માટે રૂ.૬૦૦/– ની ગણવેશ સહાયમાં રૂ.૩૦૦/– નો વધારો કરી રૂ.૯૦૦/– ગણવેશ સહાય ચુકવવાનુ ઠરાવવામા આવેલ છે.

**અગ્રતા ક્રમ - ૨૪ પૂરક પ્રશ્ન–૪**

**પુછનાર ધારાસભ્યશ્રી :**

**પૂરક પ્રશ્ન –૪ ગણવેશ સહાય યોજના હેઠળ અરજી કરવામા વિદ્યાર્થીઓને સરળતા માટે સરકાર શા પગલા લીધેલ છે ?**

**જવાબ:**

**માન. અધ્યક્ષશ્રી,**

- ગણવેશ સહાય યોજના હેઠળ વિદ્યાર્થીઓની અરજી કરવાની રહેતી નથી. રાજય સરકારશ્રીના ડિજિટલ ગુજરાત પોર્ટલ પર શાળાના આચાર્ય દ્વારા ઓનલાઇન દરખાસ્ત કરવામા આવે છે.

- જે વિદ્યાર્થીઓની આચાર્યશ્રીઓએ ઓનલાઇન એન્ટ્રી કરી હોય તે વિદ્યાર્થીઓ જે તે જાતિના હોય અને જે યોજના લાગુ પડતી હોય તે યોજનામાં આચાર્યશ્રીઓ દ્વારા વિદ્યાર્થીઓની ઓનલાઇન દરખાસ્તો જિલ્લા કચેરીને મોકલી આપવામાં આવે છે.

- જિલ્લા કક્ષાએ ઓનલાઇન દરખાસ્તોની ચકાસણી કરી તેને મંજૂર કરવી, તેના ઓનલાઇન બિલો બનાવવા અને જિલ્લા તિજોરીમાં ઓનલાઇન બિલો મોકલી મંજૂર કરેલા વિદ્યાર્થીઓની શિષ્યવૃતી સહાયની રકમ વિદ્યાર્થી/વાલીના વેરીફાઇ થયેલા બેન્ક એકાઉન્ટમાં સીધી જ ગણવેશ સહાયની રકમ તેના બેન્ક ખાતામાં ડી.બી.ટી. (ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર) હેઠળ ઇ–પેમેન્ટથી જમા કરાવવાની કામગીરી કરવામાં આવે છે.

| અગ્રતા ક્રમ - ૨૪ પૂરક માહિતી |
|---|
| **વિકસતી જાતિ દ્વારા અમલિત ગણવેશ સહાય યોજનાના હેતુ અને પત્રતાના માપદંડો** |

**આ યોજનાની હાલની વિગતો :–**

- **યોજનાની શરૂઆત ક્યારે કરવામાં આવી?** **૧૯૭૮–૭૯ થી**

- **હેતુઓ:–**
  - વિકસતી જાતિના વિદ્યાર્થીઓને શિક્ષણમાં પ્રોત્સાહન મળે,
  - વિદ્યાર્થીઓનો ડ્રોપ આઉટ રેશીયો નાબુદ થાય

- **પાત્રતાના માપદંડો:–**
  - વિદ્યાર્થીઓ વિકસતી જાતિના હોવા જોઇએ.
  - આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓનો પણ સમાવેશ થાય છે.
  - વિદ્યાર્થીઓ ધોરણ–૧ થી ૮ માં અભ્યાસ કરતાં હોવા જોઇએ.
  - કોઇ વાર્ષિક આવક મર્યાદા નથી.
  - સરકારી અને ગ્રાન્ટ ઈન એઇડ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં હોવા જોઇએ.
  - વિદ્યાર્થીઓ છેલ્લી વાર્ષિક પરીક્ષામાં પાસ હોવા જોઇએ.

| અગ્રતા ક્રમ - ૨૪ પૂરક માહિતી |
|---|
| **વિકસતી જાતિ દ્વારા અમલિત ગણવેશ સહાય યોજનાની કાર્ય પધ્ધતી** |

- વર્ષ ૨૦૧૬–૧૭ સુધી પ્રાથમિક શાાળાઓના આચાર્યો મારફતે ગણવેશ સહાય યોજનાની દરખાસ્તો મંગાવી જિલ્લા કચેરીએથી મંજૂર કરી તે મુજબ આચાર્યો મારફતે વિદ્યાર્થીઓને ગણવેશ સહાય રકમ આપવામાં આવતી હતી.

- વર્ષ ૨૦૧૭–૧૮થી ગણવેશ સહાય સહાયની યોજનાનો અમલ ગુજરાત સરકારના ડિજિટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઇન કામગીરી કરવામાં આવે છે.

- પ્રાથમિક શાળાના આચાર્યશ્રીઓ પાસેથી જે તે સરકારી/ગ્રાન્ટ ઇન એઇડ/ અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા (આશ્રમશાળા) ના વિદ્યાર્થીઓની ડિઝિટલ ગુજરાત પોર્ટલ ઉપર બેન્ક એકાઉન્ટ સાથેની ઓનલાઇન એન્ટ્રી કરવામાં આવે છે.

- જે વિદ્યાર્થીઓની આચાર્યશ્રીઓએ ઓનલાઇન એન્ટ્રી કરી હોય તે વિદ્યાર્થીઓ જે તે જાતિના હોય અને જે યોજના લાગુ પડતી હોય તે યોજનામાં આચાર્યશ્રીઓ દ્વારા વિદ્યાર્થીઓની ઓનલાઇન દરખાસ્તો જિલ્લા કચેરીને મોકલી આપવામાં આવે છે.

- જિલ્લા કક્ષાએ ઓનલાઇન દરખાસ્તોની ચકાસણી કરી તેને મંજૂર કરવી, તેના ઓનલાઇન બિલો બનાવવા અને જિલ્લા તિજોરીમાં ઓનલાઇન બિલો મોકલી મંજૂર કરેલા વિદ્યાર્થીઓની શિષ્યવૃતી સહાયની રકમ વિદ્યાર્થી/વાલીના વેરીફાઇ થયેલા બેન્ક એકાઉન્ટમાં સીધી જ ગણવેશ સહાયની રકમ તેના બેન્ક ખાતામાં ડી.બી.ટી. (ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર) હેઠળ ઇ–પેમેન્ટથી જમા કરાવવાની કામગીરી કરવામાં આવે છે.

## અગ્રતા ક્રમ - ૨૪ પૂરક માહિતી

**વિકસતી જાતિ દ્વારા અમલિત ગણવેશ સહાય યોજનામાં વખતો–વખત થયેલ સુધારા**

રાજય સરકાર દ્વારા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ,આર્થિક રીતે પછાતવર્ગ, લઘુમતી અને વિચરતી–વિમુક્ત જાતિઓના શૈક્ષણિક વિકાસ માટે પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક, સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને વિવિધ શૈક્ષણિક યોજનાઓ હેઠળ જુદા જુદા દરે શિષ્યવૃત્તિ/ગણવેશ આપવાની યોજનાઓ અમલમાં છે. સરકારશ્રીનાતા.૨૦/૬/૧૯૯૧ના ઠરાવક્રમાંકઃ ૧૧૯૦/ન.બા./૨૯/અ થી વિકસતી જાતિના વિદ્યાર્થીઓને ધો–૧ થી ૭માં મફત ગણવેશ અને પાટી પેન સહાય આપવાનું ઠરાવવામાં આવેલ. ત્યાર બાદ વખતો વખત સહાયના દરમાં થયેલ સુધારા વધારા મુજબ સરકારશ્રીના તા.૨૨/૧૧/૧૯૯૮ના ઠરાવ ક્રમાંકઃ પી.એમ.એસ./૧૦૪૭/મુમક/૧૧૦/અ–૧થી અનુ.જાતિ, અનુ.જન જાતિ, વિચરતી–વિમુક્ત તથા વિકસતી જાતિઓના પ્રાથમિક શાળા ધો–૧ થી ૭માં અભ્યાસ કરતાં બાળકોને રોકડ ગણવેશ સહાયને બદલે રૂા. ૧૫૦/–ની મર્યાદામાં બે જોડી ગણવેશ આપવાનું ઠરાવવામાં આવેલ જેમાં કાપડનો ખર્ચ રૂા.૧૧૦/– અને સિલાઇનો ખર્ચ રૂા.૪૦/નક્કી થયેલ.

સરકારશ્રીના તા.૨૦/૧૦/૨૦૦૪ ના ઠરાવ કમાંકઃ પી.એમ.એસ./૨૦૦૩/ ૭૪૮/(૨૦૦૪) ગ અને તા.૨૬/૯/૨૦૦૫ના ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૦૨૦૦૩/૧૫૧૫/અ–૧ થી પ્રાથમિક શાળામાં ધો–૧ થી ૭માં ભણતાં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ, આર્થિક રીતે પછાતવર્ગ, લઘુમતી અને વિચરતી–વિમુકત જાતિનાં વિદ્યાર્થીઓને બે જોડી ગણવેશના બદલે વિદ્યાર્થી દીઠ રૂા.૧૫૦/– ની રોકડ સહાય આપવાની યોજના અમલમાં આવેલ છે. આ ઉપરાંત સરકારશ્રીના તા.૨૦/૪/૨૦૧૧ના ઠરાવથી બે જોડી ગણવેશ માટે આપવામાં આવતી સહાય રૂા.૧૫૦/– માં વધારો કરી રૂા.૨૦૦/– કરવામાં આવેલ છે. તેમજ અગાઉની આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે રૂા.૧૫,૯૭૬/– અને શહેરી વિસ્તાર માટે રૂા.૨૧,૨૦૬/– હતી. જેમાં પણ વધારો કરી ગ્રામ્ય વિસ્તાર માટે રૂા.૨૦,૦૦૦/– અને શહેરી વિસ્તાર માટે રૂા.૨૫,૦૦૦/– કરવામાં આવેલ છે.

જેમાં પણ સરકારશ્રીના તા.૧૦/૦૪/૨૦૧૨ના ઠરાવથી ગણવેશ સહાયના દર રૂા.૨૦૦/- માં વધારો કરી રૂા.૩૦૦/- ગણવેશ સહાય અને વાર્ષિક આવક મર્યાદામાં વધારો કરી ગ્રામ્ય વિસ્તાર માટે રૂા.૨૭,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂા.૩૬,૦૦૦/- કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૫-૧૬માં સરકારશ્રીના તા.૦૭/૦૮/૨૦૧૪ના ઠરાવથી વાર્ષિક આવક મર્યાદામાં વધારો કરી ગ્રામ્ય વિસ્તાર માટે રૂા.૪૭,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂા.૬૮,૦૦૦/- કરવામાં આવેલ છે. જેમાં સરકારશ્રીના ઠરાવ ક્રમાંક: સશપ/૧૦૨૦૧૫/૭૪૨૦૫૪/અ.૧ તા.૧૩/૧૦/૨૦૧૫થી ગણવેશ સહાયની વાર્ષિક આવક મર્યાદા નાબુદ કરવામાં આવેલ છે. સરકારશ્રીના એપ્રિલ -૨૦૧૮ના ઠરાવથી ગણવેશ સહાયના દર રૂા.૩૦૦/-માં વધારો કરી રૂા.૬૦૦/- કરવામાં આવેલ છે. સરકારશ્રીના એપ્રિલ-૨૦૨૨ના ઠરાવથી ગણવેશ સહાયના દર રૂા.૩૦૦/- નો વધારો કરી રૂા.૯૦૦/- કરવામાં આવેલ છે.

| **અગ્રતા ક્રમ - ૨૪ પૂરક નોંધ** |
|---|
| **વિકસતી જાતિ દ્વારા અમલિત ગણવેશ સહાય યોજના અંતર્ગત છેલ્લા ૫ વર્ષની માહિતી** |

- **અમદાવાદ જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૨૩–૨૪ માં વિકસતી જાતિના ૨,૧૨,૦૨૭ વિદ્યાર્થીઓની ગણવેશ સહાય યોજના હેઠળ અરજી મળેલ છે. જે તમામ ૨,૧૨,૦૨૭ વિદ્યાર્થીઓની અરજી મંજૂર કરેલ છે. અને તે તમામ ૨,૧૨,૦૨૭ વિદ્યાર્થીઓને રૂ.૧૯૦૪.૪૪ લાખની ગણવેશ સહાય ચૂકવવામાં આવેલ છે.**

- **અમદાવાદ જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં ધો. ૧ થી ૮માં અભ્યાસ કરતા વિકસતી જાતિના વિદ્યાર્થીઓને ચુકવેલ ગણવેશ સહાયની માહિતી**

| **વર્ષ** | **ગણવેશ સહાય ચૂકવાયેલ વિદ્યાર્થીઓની સંખ્યા** | **ગણવેશ સહાયની રકમ રૂપિયા (લાખમાં)** |
|---|---|---|
| ૨૦૧૮–૧૯ | ૨,૪૧,૭૧૧ | ૧૪૩૨.૩૪ |
| ૨૦૧૯–૨૦ | ૨,૫૭,૨૧૭ | ૧૫૪૩.૩૦ |
| ૨૦૨૦–૨૧ | ૨,૫૨,૭૨૭ | ૧૫૧૬.૧૧ |
| ૨૦૨૧–૨૨ | ૨,૮૫,૯૮૯ | ૧૭૧૫.૯૫ |
| ૨૦૨૨–૨૩ | ૨,૭૯,૬૫૭ | ૨૫૩૧.૧૬ |
| **કુલ** | **૧૩,૧૭,૩૦૧** | **૮૭૩૮.૮૬** |
| | **તેર લાખ સત્તર હજાર ત્રણસો એક વિદ્યાર્થીઓ** | **રૂપિયા સિત્યાસી કરોડ આડત્રીસ લાખ છયાસી હજારની ગણવેશ સહાય ચુકવી** |

- **રાજયમાં છેલ્લા પાંચ વર્ષમાં વર્ષમાં ધો. ૧ થી ૮માં અભ્યાસ કરતા વિકસતી જાતિના વિદ્યાર્થીઓને ચુકવેલ ગણવેશ સહાયની માહિતી**

| **વર્ષ** | **ગણવેશ સહાય ચૂકવાયેલ વિદ્યાર્થીઓની સંખ્યા** | **ગણવેશ સહાયની રકમ રૂપિયા (લાખમાં)** |
|---|---|---|
| ૨૦૧૮-૧૯ | ૩૩,૩૦,૩૨૮ | ૧૯૯૫૯.૨૯ |
| ૨૦૧૯-૨૦ | ૩૩,૧૩,૩૧૬ | ૧૯૮૭૯.૫૮ |
| ૨૦૨૦-૨૧ | ૩૪,૫૨,૩૫૫ | ૨૦૭૧૧.૮૭ |
| ૨૦૨૧-૨૨ | ૩૬,૩૬,૯૪૦ | ૨૧૮૫૬.૫૦ |
| ૨૦૨૨-૨૩ | ૩૫,૮૬,૦૪૦ | ૩૨૦૦૦.૫૧ |
| **કુલ** | **૧,૭૩,૧૮,૯૭૯** | **૧૧૪૪૦૭.૭૫** |
| | **એક કરોડ તોત્તેર લાખ અઠાર હજાર નવસો ઓગણાએસી વિદ્યાર્થીઓ** | **રૂપિયા એક હજાર એક્સો ચુમ્માલીસ કરોડ સાત લાખ પંચોતેર હજારની ગણવેશ સહાય ચુકવી** |

| અગ્રતા ક્રમ - ૨૪ ઠરાવો |
|---|
| **વિકસતી જાતિ દ્વારા અમલિત ગણવેશ સહાય યોજનામાં વખતો–વખત થયેલ ઠરાવોની યાદી** |

**વિકસતી જાતિના ધોરણ–૧ થી ૮ના વિદ્યાર્થીઓને મળતી ગણવેશ સહાય યોજનામાં આવક મર્યાદા તથા જે તે વખતે દરમાં થયેલ સુધારા અંગેનું પત્રક.**

| ક્રમ | વર્ષ | ઠરાવની તારીખ | જાતિ | વાર્ષિક આવક મર્યાદા | | ગણવેશ અંગેનો માપદંડ | ઠરાવ અન્વયેની વિગત |
|---|---|---|---|---|---|---|---|
| | | | | ગ્રામ્ય વિસ્તાર | શહેરી વિસ્તાર | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | ૧૯૯૧ – ૧૯૯૨ | તા.૨૦/૦૬/ ૧૯૯૧ | અતિ પછાત જાતિ | ૧૦૦૦૦/– | | બીપીએલ ના કુટુંબના વિદ્યાર્થી | બે જોડ ગણવેશ પેટે રૂા. ૭૦/– ગણવેશ સહાય |
| ૨ | ૧૯૯૮ – ૧૯૯૯ | તા.૨૨/૧૨/ ૧૯૯૮ | વિચરતી– વિમુકત જાતિ | ૧૫૦૦૦/– | | આવક મર્યાદા | બે જોડ ગણવેશ પેટે રોકડ સહાયને બદલે રૂા.૧૫૦/– ની મર્યાદામાં બે જોડી ગણવેશ |
| ૩ | ૨૦૦૦ – ૨૦૦૧ | તા.૨૧/૦૨/ ૨૦૦૨ | સા.શૈ.પ.વ. આ.પ.વ. લઘુમતિ વિચરતી– વિમુકત જાતિ | ૧૫૦૦૦/– | | આવક મર્યાદા | બે જોડ ગણવેશ પેટે રૂા.૧૫૦/– ગણવેશ સહાય |
| ૪ | ૨૦૦૪ – ૨૦૦૫ | તા.૨૦/૧૦/ ૨૦૦૪ | સા.શૈ.પ.વ. આ.પ.વ. લઘુમતિ વિચરતી– વિમુકત જાતિ | ૧૫૯૭૬/– | ૨૧૨૧૬/– | ફકત બીપીએલ ના કુટુંબના વિદ્યાર્થી | બે જોડ ગણવેશ પેટે રૂા.૧૫૦/– ગણવેશ સહાય |
| ૫ | ૨૦૦૫ – ૨૦૦૬ | તા.૨૬/૦૯/ ૨૦૦૫ | સા.શૈ.પ.વ. આ.પ.વ. લઘુમતિ વિચરતી– વિમુકત જાતિ | ૧૫૯૭૬/– | ૨૧૨૧૬/– | ફકત બીપીએલ ના કુટુંબના વિદ્યાર્થી | બે જોડ ગણવેશ પેટે રૂા.૧૫૦/– ગણવેશ સહાય |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૨૦૧૧ – ૨૦૧૨ | તા.૨૦/૦૪/૨૦૧૧ | સા.શૈ.પ.વ. આ.પ.વ. લઘુમતિ વિચરતી– વિમુકત જાતિ | ૨૦૦૦૦/– | ૨૫૦૦૦/– | આવક મર્યાદા | બે જોડ ગણવેશ પેટે રૂ.૨૦૦/– ગણવેશ સહાય |
| ૭ | ૨૦૧૨ – ૨૦૧૩ | તા.૧૦/૦૪/૨૦૧૨ | સા.શૈ.પ.વ. આ.પ.વ. લઘુમતિ વિચરતી– વિમુકત જાતિ | ૨૭૦૦૦/– | ૩૬૦૦૦/– | આવક મર્યાદા | બે જોડ ગણવેશ પેટે રૂ. ૩૦૦/– ગણવેશ સહાય |
| ૧૧ | ૨૦૧૪ – ૨૦૧૫ | તા.૦૭/૦૮/૨૦૧૪ | સા.શૈ.પ.વ. આ.પ.વ. લઘુમતિ વિચરતી– વિમુકત જાતિ | ૪૭૦૦૦/– | ૬૮૦૦૦/– | આવક મર્યાદા | બે જોડ ગણવેશ પેટે રૂ.૩૦૦/– ગણવેશ સહાય |
| ૧૨ | ૨૦૧૫ – ૨૦૧૬ | તા.૧૩/૧૦/૨૦૧૫ | સા.શૈ.પ.વ. આ.પ.વ. લઘુમતિ વિચરતી– વિમુકત જાતિ | વાર્ષિક આવક મર્યાદા નાબુદ કરેલ છે. | | | બે જોડ ગણવેશ પેટે રૂ.૩૦૦/– ગણવેશ સહાય |
| ૧૩ | ૨૦૧૮ – ૨૦૧૯ | તા.૦૬/૦૪/૨૦૧૮<br>તા.૦૭/૦૪/૨૦૧૮ | સા.શૈ.પ.વ. આ.પ.વ. લઘુમતિ વિચરતી– વિમુકત જાતિ | કોઈ વાર્ષિક આવક મર્યાદા નથી. | | | ત્રણ જોડ ગણવેશ પેટે રૂ.૬૦૦/– ગણવેશ સહાય |
| ૧૪ | ૨૦૨૨ – ૨૦૨૩ | તા.૦૬/૦૪/૨૦૨૨ | સા.શૈ.પ.વ. આ.પ.વ. લઘુમતિ વિચરતી– વિમુકત જાતિ | કોઈ વાર્ષિક આવક મર્યાદા નથી. | | | ત્રણ જોડ ગણવેશ પેટે રૂ.૯૦૦/– ગણવેશ સહાય |